©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, JANUARY 29, 2026 / MAGHA 9, 1947 [No. 5

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

શિક્ષણ વિભાગના તારીખ: ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪-ના જાહેરનામા ક્રમાંક: જી/એસએચ/૫૦/૨૦૨૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/પી.એફ.૧/જી.૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to The Government Secondary Teacher, Class III, (Procedure for Selection) Rules, 2019

સરકારી માધ્યમિક શિક્ષક, વર્ગ ૩, (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૯ સુધારવા સંબંધી

જાહેરનામું

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જી/એસએચ/૫૦/૨૦૨૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/પી.એફ.૧/જી.૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી માધ્યમિક શિક્ષક, વર્ગ ૩, (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો સરકારી માધ્યમિક શિક્ષક, વર્ગ-૩, (પસંદગી માટેની કાર્યરીતિ) (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધની તારીખથી અમલમાં આવશે.

૨. સરકારી માધ્યમિક શિક્ષક, વર્ગ ૩, (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૯ (જેનો આમાં હવે પછી “સદરહુ નિયમો” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (ઘ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(ઘ) "શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (ટાટ)" એટલે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી દ્વિસ્તરીય પરીક્ષા માળખાવાળી શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (ટાટ).”.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, અંતમાં નીચેનો પરંતુક ઉમેરવો:-

“પરંતુ જ્યારે પસંદગી સમિતિ, અન્ય વિભાગના સરકારી માધ્યમિક શિક્ષકોની પસંદગીની પ્રક્રિયા કરે, ત્યારે સદરહુ સમિતિ, સમગ્ર પ્રક્રિયા દરમિયાન, સંબંધિત વિભાગના નાયબ સચિવથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને સાથે રાખી શકશે.”.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(ગ) તેણે, પરિશિષ્ટ-૧માં, કોલમ ૯માં, નિર્દિષ્ટ કરેલા સંબંધિત વિષયના દ્વિસ્તરીય માળખા વાળી "શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (ટાટ)"-ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે;”.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦-માં,-

(૧) પેટા-નિયમો (૧) અને (૨)ને બદલે, અનુક્રમે નીચેના પેટા-નિયમો મૂકવા:-

“(૧) પસંદગી સમિતિએ, શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (ટાટ)માં સંબંધિત ઉમેદવારે મેળવેલ ગુણના ૧૦૦% ગુણ - ના ભારણને આધારે સફળ ઉમેદવારોની યાદી તૈયાર કરવી જોઈશે પરંતુ જેણે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી દ્વિસ્તરીય પરીક્ષા માળખા વાળી શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (ટાટ)ની મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલ હોય તે ઉમેદવાર શિક્ષકની જગા માટે અરજી કરવા પાત્ર થશે:

પરંતુ સફળ ઉમેદવારોની યાદી તૈયાર કરતી વખતે જેમણે નિમણૂક વખતે પુનર્લગ્ન કર્યા ન હોય તેવા વિધવા સ્ત્રી ઉમેદવાર માટે તેમણે મેળવેલા કુલ ગુણમાં, અંતિમ ગુણવત્તાના પાંચ (૫%) ટકા ગુણ ઉમેરવા જોઈશે.

(૨) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી દ્વિસ્તરીય પરીક્ષા માળખા વાળી શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિકમાં સંબંધિત ઉમેદવારે મેળવેલા ગુણ, ત્યારપછીની શિક્ષક અભિયોગ્યતા કસોટીની ગુણવત્તા યાદી જાહેર થાય ત્યાં સુધી માન્ય ગણાશે.”;

(૨) પેટા-નિયમ (૩) કમી કરવો.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૧૦ક. ટાટ - માધ્યમિક માટે માધ્યમની પસંદગી બાબત.- માધ્યમિક શાળામાં શિક્ષક / સહાયક શિક્ષકની નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી (ટાટ - માધ્યમિક) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમોમાં યોજાશે. ઉમેદવાર તેની પસંદગી મુજબના કોઇ માધ્યમમાં (પરીક્ષા આપવા) ઉપસ્થિત રહી શકશે અને ઉમેદવારે જે માધ્યમમાં પરીક્ષા પાસ કરી હોય તે જ માધ્યમમાં શિક્ષણ આપતી શાળામાં માધ્યમિક શિક્ષક તરીકે નિમણૂક માટે પાત્ર થશે."

૭. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ-૧ને બદલે, નીચેનું પરિશિષ્ટ મૂકવું:-

પરિશિષ્ટ-૧

[જુઓ નિયમ ૭ (ખ) અને (ગ)]

સરકારી માધ્યમિક શિક્ષક, વર્ગ ૩ની ભરતી માટે દરેક વિષય માટે જરૂરી શૈક્ષણિક લાયકાત.

અનુ-ક્રમાંક	વિષય	વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક લાયકાત અને અનુ-સ્નાતક કક્ષાએ વિષય (ધરાવતા હોય તો)		લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.)		એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો)	શિક્ષક અભિરુચિ કસોટીના વિષયો (માધ્યમિક)
			લાયકાત	વિષય	પદ્ધતિ-૧	પદ્ધતિ-૨		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)
૧	ગુજરાતી	બી.એ. / બી.આર.એસ./ સમાજવિદ્યા વિશારદ (ગુજરાતીમાં)	એમ.એ./ એમ.આર.એસ/ સમાજ વિદ્યા પારંગત	ગુજરાતી	ગુજરાતી	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	ગુજરાતી
૨	હિન્દી	બી.એ. / બી.આર.એસ./ સમાજવિદ્યા વિશારદ (હિન્દીમાં)	એમ.એ./ એમ.આર.એસ/ સમાજ વિદ્યા પારંગત	હિન્દી	હિન્દી	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	હિન્દી
૩	અંગ્રેજી	બી.એ. / બી.આર.એસ./ સમાજવિદ્યા વિશારદ (અંગ્રેજીમાં)	એમ.એ./ એમ.આર.એસ./ સમાજ વિદ્યા પારંગત	અંગ્રેજી	અંગ્રેજી	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	અંગ્રેજી
૪	મરાઠી	બી.એ. (મરાઠીમાં)	એમ.એ.	મરાઠી	મરાઠી	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	મરાઠી
૫	ઉર્દૂ	બી.એ. (ઉર્દૂમાં)	એમ.એ.	ઉર્દૂ	ઉર્દૂ અથવા અન્ય ભાષા	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	ઉર્દૂ
૬	સિંધી	બી.એ. (સિંધીમાં)	એમ.એ.	સિંધી	સિંધી અથવા અન્ય ભાષા	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	સિંધી
૭	તામિલ	બી.એ. (તામિલમાં)	એમ.એ.	તામિલ	તામિલ અથવા અન્ય ભાષા	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	તામિલ
૮	તેલુગુ	બી.એ. (તેલુગુમાં)	એમ.એ.	તેલુગુ	તેલુગુ અથવા અન્ય ભાષા	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.	એમ.એડ./ શિક્ષા પારંગત	તેલુગુ

અનુ-ક્રમાંક	વિષય	વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક લાયકાત અને અનુ-સ્નાતક કક્ષાએ વિષય (ધરાવતા હોય તો)		લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.)			એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો)	શિક્ષક અભિરુચિ કસોટીના વિષયો (માધ્યમિક)
			લાયકાત	વિષય	પદ્ધતિ-૧	પદ્ધતિ-૨			
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)		(૮)	(૯)
૯	ઉડિયા	બી.એ. (ઉડિયામાં)	એમ.એ.	ઉડિયા	ઉડિયા અથવા અન્ય ભાષા	કોલમ (૬)માં ઉલ્લેખેલ પદ્ધતિ-૧ સિવાયનો કોઈપણ વિષય.		એમ.એડ./ શિક્ષા પારંગત	ઉડિયા
૧૦	સામાજિક વિજ્ઞાન	બી.એ/બી.આર.એસ/બી. એસસી./ ઇતિહાસ અથવા ભૂગોળ અથવા નાગરિક શાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા રાજનીતિ શાસ્ત્ર અથવા સમાજશાસ્ત્રમાં સમાજવિદ્યા વિશારદ	એમ.એ/ એમ.આર.એસ./ સમાજવિદ્યા પારંગત/ એમ.એસ.સી	કોલમ (૩)માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકીના કોઇ એક વિષયમાં અનુસ્નાતકની પદવી		ઇતિહાસ/ ભૂગોળ/ નાગરિક શાસ્ત્ર/ અર્થશાસ્ત્ર/ રાજનીતિ શાસ્ત્ર/ સમાજશાસ્ત્ર/ સામાજિક વિજ્ઞાન	કોલમ (૬)માં ઉલ્લેખ કરેલી પદ્ધતિ-૧ (મેથડ-૧) સિવાયનો કોઇપણ એક વિષય	એમ.એડ/ શિક્ષા પારંગત	સામાજિક વિજ્ઞાન
૧૧	ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજિ	બી.એસસી. (કોઇપણ સંબંધિત વિદ્યાશાખામાં ગણિત અથવા આંકડાશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવવિજ્ઞાનમાં સ્નાતક)	એમ.એસસી.	બી.એસસી ની લાયકાત મેળવેલી હોય તેવા કોલમ (૩)માં ઉલ્લેખ કરેલા વિષયની કોઇપણ શાખામાં એમ.એસસી.		ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજિ		એમ.એડ/ શિક્ષા પારંગત	ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજિ
		બી.ઇ	એમ.ઇ	-					
		બી.ટેક	એમ.ટેક	-					
		બી.ફાર્મ	એમ.ફાર્મ	-					
૧૨	સંસ્કૃત	બી.એ (સંસ્કૃતમાં) અથવા શાસ્ત્રી (સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં સંસ્કૃતમાં બી.એ.)	એમ.એ. અથવા આચાર્ય (સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં સંસ્કૃતમાં એમ.એ.)	સંસ્કૃત		સંસ્કૃત	કોલમ (૬)માં ઉલ્લેખ કરેલી પદ્ધતિ-૧ (મેથડ-૧) સિવાયનો કોઇપણ એક વિષય	એમ.એડ/ શિક્ષા પારંગત	સંસ્કૃત
						અથવા			
						શિક્ષા શાસ્ત્રી (સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં બી.એડ.)			
૧૩	ફારસી	બી.એ (ફારસીમાં)	એમ.એ	ફારસી		ફારસી અથવા	કોલમ (૬)માં	એમ.એડ/ શિક્ષા પારંગત	ફારસી

અનુ-ક્રમાંક	વિષય	વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક લાયકાત અને અનુ-સ્નાતક કક્ષાએ વિષય (ધરાવતા હોય તો)		લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.)			એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો)	શિક્ષક અભિરુચિ કસોટીના વિષયો (માધ્યમિક)
			લાયકાત	વિષય	પદ્ધતિ-૧	પદ્ધતિ-૨			
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)		(૮)	(૯)
						અન્ય ભાષા	ઉલ્લેખ કરેલી પદ્ધતિ-૧ (મેથડ-૧) સિવાયનો કોઈપણ એક વિષય		
૧૪	અરબી	બી.એ (અરબીમાં)	એમ.એ	અરબી		અરબી અથવા અન્ય ભાષા	કોલમ (૬)માં ઉલ્લેખ કરેલી પદ્ધતિ-૧ (મેથડ-૧) સિવાયનો કોઈપણ એક વિષય	એમ.એડ/ શિક્ષા પારંગત	અરબી
૧૫	કોમ્પ્યુટર સ્ટડી	બી.સી.એ/બી.એસસી. (આઇટી)/ બી.ઇ./બી.ટેક. (કોમ્પ્યુટર/ કોમ્પ્યુટર સાયન્સ)/ બી.ઇ/બી.ટેક. (આઇટી)/ બી.એસસી. (કોમ્પ્યુટર/ કોમ્પ્યુટર સાયન્સ) (કોમ્પ્યુટર/ કોમ્પ્યુટર સાયન્સમાં)	કોલમ (૩)માં દર્શાવેલ સ્નાતકની પદવી હોય તેમાં જ અનુસ્નાતકની પદવી	કોમ્પ્યુટર/ કોમ્પ્યુટર સાયન્સ		કોઈપણ વિષય	કોલમ (૬)માં ઉલ્લેખ કરેલી પદ્ધતિ-૧ (મેથડ-૧) સિવાયનો કોઈપણ એક વિષય	એમ.એડ/ શિક્ષા પારંગત	કોમ્પ્યુટર
સ્પેશિઅલ (ખાસ) શિક્ષક									
૧૬	ચિત્ર	ફાઇન આર્ટ્સ (લલિત કલા) માં સ્નાતક (બી.એફ.એ) અથવા ફાઇન આર્ટ્સ (પાંચ વર્ષનો સંકલિત અભ્યાસક્રમ)માં ડિપ્લોમા અથવા ધોરણ-૧૨ +એ.ટી.ડી અથવા ધોરણ-૧૨+ડી.એમ.						---	ચિત્ર
૧૭	સંગીત	સંગીત વિષારદ અથવા બી.મ્યુઝિક અથવા સંગીતમાં બી.એ						---	સંગીત
૧૮	યોગા હેલ્થ અને શારિરીક શિક્ષણ	કલા અથવા વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહની શાખાઓ પૈકી કોઇ વિષયમાં સ્નાતક (ઉપર ઉલ્લેખ કર્યા મુજબ કોઇપણ વિષયમાં)	કલા અથવા વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહની શાખાઓ પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક	કોલમ (૪)માં દર્શાવેલી શાખાઓનો કોઇપણ એક વિષય		શારીરિક શિક્ષણ (બી.પી.એડ)માં વ્યાવસાયિક (પ્રોફેશનલ) સ્નાતક (બી.પી.એડ) અથવા શારીરિક શિક્ષણ માં ડિપ્લોમા (ડી.પી.એડ)		શારીરિક શિક્ષણ (એમ.પી.એડ)માં વ્યાવસાયિક (પ્રોફેશનલ) અનુસ્નાતક	યોગા હેલ્થ અને શારિરીક શિક્ષણ
		અથવા							
		ત્રણ વર્ષ અથવા તેથી વધુ વર્ષના	પાંચ વર્ષ અથવા પાંચ	શારીરિક શિક્ષણ		શારીરિક શિક્ષણ માં વ્યાવસાયિક		શારીરિક શિક્ષણમાં	

અનુ-ક્રમાંક	વિષય	વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક લાયકાત અને અનુ-સ્નાતક કક્ષાએ વિષય (ધરાવતા હોય તો)		લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.)		એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો)	શિક્ષક અભિરુચિ કસોટીના વિષયો (માધ્યમિક)
			લાયકાત	વિષય	પદ્ધતિ-૧	પદ્ધતિ-૨		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)
		અભ્યાસક્રમના અંતે એનાયત કરવામાં આવેલી શારીરિક શિક્ષણ (બી.પી.ઈ)ની સ્નાતકની પદવી	વર્ષના અભ્યાસક્રમના અંતે એનાયત કરવામાં આવેલી શારીરિક શિક્ષણમાં સ્નાતક (બી.પી.ઈ) અને અનુસ્નાતકની પદવી			(પ્રોફેશનલ) સ્નાતક (બી.પી.એડ) અથવા શારીરિક શિક્ષણમાં ડિપ્લોમા (ડી.પી.એડ) અથવા શિક્ષણમાં વ્યાવસાયિક (પ્રોફેશનલ) સ્નાતક (બી.એડ)	વ્યાવસાયિક (પ્રોફેશનલ) અનુસ્નાતક (એમ.પી.એડ) અથવા શિક્ષણમાં વ્યાવસાયિક (પ્રોફેશનલ) અનુસ્નાતક (એમ.એડ)	

૮. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ-૨ કમી કરવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અલ્કેશ ચૌધરી,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

નાણા વિભાગનું તારીખઃ ૬ઠ્ઠી જૂન, ૨૦૨૪-નું જાહેરનામું ક્રમાંક: (જીએન-૨૩)એફડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૪/૨૦૨૨/૩૨૮૦/ઘ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Assistant Director of Insurance, Class II, in General State Service, under the Directorate of Insurance Recruitment Rules, 2024

વીમા નિયામકની કચેરી હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વીમા નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૪ સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૨૪

ભારતનું સંવિધાન.

ક્રમાંક: (જીએન-૨૩)એફડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૪/૨૦૨૨/૩૨૮૦/ઘ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વીમા નિયામકની કચેરી હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વીમા નિયામક, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો વીમા નિયામકની કચેરી હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વીમા નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વીમા નિયામકની કચેરી હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વીમા નિયામક, વર્ગ ૨-ની-જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) વીમા નિયામકની કચેરીની તાબાની સેવામાં, સિનિયર તકનિકી મદદનીશ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) સીધી પસંદગી માટે નિયમ ૪-ના ખંડ (૧)માં ઠરાવ્યા પ્રમાણે વ્યાવસાયિક લાયકાત ધરાવતો હોય:

- તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર,"સારા"-નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક અનુક્રમે ૨:૧-ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ ૨-માં દર્શાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૯ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) માત્ર ભારતની વીમા સંસ્થામાંથી સામાન્ય વીમાના વિષયો સાથે લાઈસન્શિયેટ પરીક્ષા (Licentiate Examination) પાસ કરી હોય; અને

(ઘ) (૧) વીમા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, જુનિયર ટેકનિકલ મદદનીશ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો, ઓછામાં ઓછો ચાર વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈએ; અથવા

(૨) વીમા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, જુનિયર ટેકનિકલ મદદનીશ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, આઈ.આર.ડી.એ.આઈ (IRDAI) દ્વારા માન્ય સામાન્ય વીમા કંપનીઓ અથવા સરકારી વીમા ફંડમાં વીમો ઉતરાવવો/ કામગીરી/ દાવાની પતાવટ/ માર્કેટિંગ અને વિકાસ/ વીમાના હિસાબના ક્ષેત્રમાં, ઓછામાં ઓછો ચાર વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(છ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશી સમય પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા અને તાલીમ પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા અને સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, નિમણૂકના સમયે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સપના વી. રાણા,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગનું તારીખ: ૨૫મી જુલાઈ, ૨૦૨૫-નું જાહેરનામું ક્રમાંક: જીટીએચ/૨૦૨૫/૧૫/એફસીએસસીએડી/ઈ-ફાઈલ/૫/૨૦૨૫/૦૬૬૪/સી ક -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

Essential Commodities Act, 1955

આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ

હુકમ

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૨૦૨૫

આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫.

ક્રમાંક: જીટીએચ/૨૦૨૫/૧૫/એફસીએસસીએડી/ઈ-ફાઈલ/૫/૨૦૨૫/૦૬૬૪/સી:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જાળવી રાખવા માટે તેની ઉપલભ્યતા અને વિતરણ સુનિશ્ચિત કરવા માટે તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે;

સદરહુ હેતુ માટે, કેન્દ્ર સરકારે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ ૨૦૧૫ બહાર પાડેલ છે.

તેથી, હવે, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ ૨૦૧૫-ના ખંડ ૯ સાથે વાંચતાં, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫-ના ૧૦મા)ની કલમ ૩થી મળેલી સતાની રૂએ અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનો તારીખ: ૩૧મી મે,

૨૦૦૪-નો હુકમ ક્રમાંક: જીટીએચ/૨૦૦૪/૮/પીડીએસ/૧૦/૨૦૦૧/જીઓઆઇ/૧૨૧/સી- ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચેનો હુકમ કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ:-

(૧) આ હુકમ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઇસન્સ આપવા બાબતનો) હુકમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે સરકારી રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.

(૧) આ હુકમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫-નો ૧૦મો);

(ખ) "અપીલ સત્તાધિકારી" એટલે લાઇસન્સ કાઢી આપનાર સત્તાધિકારી સામે અપીલોની સુનાવણી અને અપીલ સત્તાધિકારીની સતા વાપરવાના હેતુ માટે, ખંડ ૧૨-ના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી;

(ગ) "વાજબી ભાવની દુકાનો" એટલે એવી દુકાન કે જેને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫-ની કલમ ૩ હેઠળ બહાર પાડવામાં આવેલા હુકમથી, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના લાભાર્થીઓને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા માટે લાઇસન્સ આપવામાં આવ્યું હોય.

(ઘ) "લાઇસન્સ" એટલે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વાજબી ભાવની દુકાનો દ્વારા આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ માટે લાઇસન્સ કાઢી આપનાર સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ સરકારી દસ્તાવેજ.

(ચ) "લાઇસન્સ ધારક" એટલે જેના નામે દુકાનને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા માટે, લાઇસન્સ આપવામાં આવ્યું હોય તેવી વ્યક્તિ અને તેમાં સહકારી મંડળી અથવા કોર્પોરેટ સંસ્થા અથવા રાજ્ય સરકારની કંપની, ગ્રામ પંચાયત અથવા અન્ય કોઈપણ સંસ્થાનો સમાવેશ થાય છે.

(છ) "લાઇસન્સ કાઢી આપનાર સત્તાધિકારી" એટલે -

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના અમદાવાદ શહેરના સંબંધમાં, નાયબ નિયંત્રક, અન્ન અને નાગરિક પુરવઠા;

(૨) બીજા કોઇ વિસ્તારના સંબંધમાં, તેમની સામાન્ય હકૂમતના જિલ્લા પુરવઠા અધિકારી; અને

(૩) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારના સંબંધમાં, ખંડ (૧) અને (૨) હેઠળ ઉપર જણાવેલા લાઇસન્સ કાઢી આપનાર સત્તાધિકારી ઉપરાંતના રાજ્ય સરકાર દ્વારા નિમાયેલા અન્ય કોઇ અધિકારી.

૩. વાજબી ભાવની દુકાનોની ફાળવણી માટેની કાર્યરીતિ.

વાજબી ભાવની દુકાનોની ફાળવણી માટેની કાર્યરીતિ રાજ્ય સરકાર નક્કી કરશે.

૪. વાજબી ભાવની દુકાનના લાઇસન્સ બાબત.

(૧) આ હુકમ હેઠળ આપવામાં આવેલા લાઇસન્સની બોલીઓ અને શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાયની કોઇ વ્યક્તિ વાજબી ભાવની દુકાનના માલિક તરીકે કામકાજ ચાલુ રાખી શકશે નહિ.

(૨) આ હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ હુકમના આરંભ પહેલા જે વ્યક્તિ લાઇસન્સ ધરાવતો હોય, તો તે માન્ય લાઇસન્સ ધરાવે છે તેમ ગણાશે; આવા લાઇસન્સ આ હુકમ હેઠળ કાઢી આપેલ લાઇસન્સ માનવામાં આવશે, જેનાથી તે લાઇસન્સધારક તરીકે વ્યવસાય ચલાવવા માટે હકદાર છે તેમ ગણાશે.

૫. લાઇસન્સ કાઢી આપવા બાબત.

(૧) લાઇસન્સ કાઢી આપવા માટેની, ફરીથી કાઢી આપવા માટેની અથવા તે તાજુ કરાવવા માટેની દરેક અરજી રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવશે.

(૨) દરેક લાઈસન્સ, રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં કાઢી આપવું જોઈશે, ફરીથી કાઢી આપવું જોઈશે અથવા તાજુ કરી આપવું જોઈશે.

(૩) આ હુકમ હેઠળ કાઢી આપવામાં આવેલું દરેક લાઈસન્સ બિન-તદીલીપાત્ર રહેશે.

૬. લાઈસન્સની મુદત અને લેવાપાત્ર ફી.

(૧) આ હુકમ હેઠળ કાઢી આપવામાં આવેલું દરેક લાઈસન્સ, જે વર્ષમાં તે આપવામાં આવ્યું હોય, તે વર્ષની ૧લી જાન્યુઆરીથી ત્રણ વર્ષની મુદત સુધી માન્ય ગણાશે અને તેની માન્યતાની મુદતની અંદર તેને તાજુ કરવા માટે અરજી કરવામાં આવે તો ત્રણ વર્ષની મુદત માટે તેને તાજુ કરી શકાશે.

(૨) લાઈસન્સધારકે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવી પ્રક્રિયા અનુસાર, લાઈસન્સ સમાપ્ત થાય તે પહેલાં ૯૦ દિવસની અંદર લાઈસન્સ તાજુ કરી આપવા માટે અરજી કરવી જોઈશે.

પરંતુ જો લાયસન્સની માન્યતા પૂરી થાય તો, તે લાયસન્સ રદ થયેલ માનવામાં આવશે.

(૩) લાઈસન્સ ખોવાઈ જાય, નાશ પામે અથવા વિકૃત થઈ ગયું હોય તો, લાઈસન્સધારક લાઈસન્સની બીજી નકલ લાઈસન્સ કાઢી આપનાર સત્તાધિકારી પાસેથી મેળવી શકશે.

(૪) લાઈસન્સ માટેની ફી નીચે કોષ્ટક ક-માં દર્શાવેલ મુજબ લેવામાં આવશે. લાઈસન્સ માટે ચૂકવવામાં આવેલી ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.

કોષ્ટક - ક

(લાઈસન્સ માટેની ફી)

અનુક્રમાંક	વિગતો	ફી રૂ.
(૧)	(૨)	(૩)
૧	નવું લાઈસન્સ કાઢી આપવા માટે	૧૦૦૦
૨	લાઈસન્સ તાજુ કરવા માટે	૫૦૦
૩	લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા માટે	૧૦૦

૭. જામીનગીરી અનામત.

આ હુકમ હેઠળ લાઈસન્સ માટે અરજી કરનાર દરેક વ્યક્તિએ સરકાર વખતોવખત ઠરાવે તેમ રૂ. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) જામીનગીરી જમા કરાવવાની રહેશે.

લાયસન્સની તમામ નિયમો અને શરતોનું લાઈસન્સધારક દ્વારા યોગ્ય પાલન કર્યા પછી, કલમ-૧૧ હેઠળ જપ્ત ન કરાયેલી જામીનગીરીની રકમ અથવા તેનો ભાગ લાઈસન્સ કાઢી આપનાર સત્તાધિકારી દ્વારા લાઈસન્સ સમાપ્ત થયા પછી લાઈસન્સધારકને પરત કરવી જોઈશે.

જામીનગીરી જમા કરાવવાની પ્રક્રિયા રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવશે.

૮. લાઈસન્સ નકારવાની સત્તા.

(૧) લાઈસન્સ કાઢી આપનાર સત્તાધિકારી, કેસના યોગ્યતાની તપાસ કર્યા પછી, અરજદારને સાંભળવાની વાજબી તક આપ્યા પછી અને લેખિતમાં કારણોની નોંધ કર્યા પછી, લાઈસન્સ કાઢી આપવાની અથવા તાજુ કરી આપવાની ના પાડી શકે છે.

(૨) જો -

(ક) અરજદાર સગીર અથવા પાગલ અથવા અસ્થિર મગજનો જણાય; અથવા

(ખ) અરજદાર દેવામુક્ત ન થયેલા નાદાર હોય; અથવા

(ગ) અરજદાર અધિનિયમ હેઠળ દોષિત ઠરેલા હોય,

- તો, લાઈસન્સ કાઢી આપનાર સત્તાધિકારી લાઈસન્સ કાઢી આપવાની અથવા તાજુ કરી આપવાની ના પાડી શકે છે.

૯. હુકમ અથવા લાઈસન્સની શરતોના ઉલ્લંઘન બદલ લાઈસન્સ મોકૂફ રાખવા અથવા રદ કરવા બાબત.

(૧) આ હુકમ હેઠળ, જેને લાઈસન્સ આપવામાં આવ્યું હોય તેવો કોઈ (લાઈસન્સ) ધારક, તેને આપવામાં આવેલા લાઈસન્સ અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે ઠરાવેલા, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૧૫ અથવા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ની જોગવાઈઓ અથવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા કોઈ કાયદા/ હુકમો/ નિયમો/ ઠરાવો/ પરિપત્રોની અન્ય જોગવાઈઓ અથવા અન્ય કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે નહિ અને જો આવો કોઈ લાઈસન્સધારક, શરતોની કોઈ બોલીઓનું ઉલ્લંઘન કરે છે, તો, તેની સામે લઈ શકાય તેવા કોઈ પગલાં ને બાધ આવ્યા વિના, લાઈસન્સ સત્તાધિકારી લેખિતમાં હુકમ કરીને, તેનું લાઈસન્સ રદ કરી શકશે અથવા મોકૂફ રાખી શકશે.

(૨) કોઈ લાઈસન્સ ધારક, તેની સામે લઈ શકાય તેવા કોઈ પગલાંને બાધ આવ્યા વિના, કાયદાની કોર્ટ દ્વારા અન્ય કોઈ ગુના હેઠળ દોષિત ઠરાવવામાં આવ્યો હોય, તો લાઈસન્સ સત્તાધિકારી, વાજબી તક આપ્યા પછી, લેખિતમાં હુકમ કરીને, તેનું લાઈસન્સ રદ કરી શકશે અથવા મોકૂફ રાખી કરી શકશે.

(૩) લાઈસન્સ સત્તાધિકારી દ્વારા પ્રથમ દ્રષ્ટિએ એવું નિરીક્ષણ કરવામાં આવે કે કેસ લાઈસન્સ રદ કરવાને લગતો છે, અને જો એમ હોય, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ૯૦ દિવસથી વધુ ન હોય તેટલી મુદત સુધી લાઈસન્સ મોકૂફ કરવામાં આવશે અને તેવી મુદત દરમિયાન તેણે વિચારણા કરીને આખરી નિર્ણય લેવો જોઈશે.

૧૦. અધિનિયમ હેઠળના હુકમોનું ઉલ્લંઘન થવાના કિસ્સામાં લાઈસન્સ રદ કરવા બાબત.

ખંડ ૯ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, લાઈસન્સ ધારકને, અધિનિયમની કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમનું ઉલ્લંઘન કરવા માટે કાયદાની કોર્ટ દ્વારા અથવા સત્તાધિકારી દ્વારા દોષિત ઠરાવી શકાશે ; લાઈસન્સ સત્તાધિકારી, લેખિતમાં હુકમ કરીને, તેનું લાઈસન્સ રદ કરી શકશે.

૧૧. જામીનગીરી અનામત જપ્ત કરવા બાબત.

ખંડ ૯ ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, જો લાઈસન્સ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે લાઈસન્સ ધારકે લાઈસન્સના આ હુકમની કોઈપણ જોગવાઈઓનું અથવા કોઈ બોલીઓ અથવા શરતોનું ઉલ્લંઘન કર્યું છે અને જામીનગીરી અનામત જપ્ત કરવી જરૂરી છે, તો તેવા કિસ્સામાં, સત્તાધિકારી, લાઈસન્સ ધારકને આવી જપ્તી સામે પોતાનો કેસ રજૂ કરવાની વાજબી તક આપ્યા પછી, લાઈસન્સ ધારકે જમા કરાવેલી સમગ્ર જામીનગીરી અનામત અથવા તેનો કોઈ ભાગ હુકમ કરીને, જપ્ત કરી શકશે અને આવા હુકમની નકલ, લાઈસન્સ ધારકને મોકલી આપશે.

૧૨. અપીલ.

(૧) લાઈસન્સ ધારકને લાઈસન્સ કાઢી આપવાનો, ફરીથી કાઢી આપવાનો, તાજું કરવાનો, રદ કરવાનો અથવા મોકૂફ રાખવાનો ઈનકાર કરવાના અથવા લાઈસન્સ ધારકની અનામત જામીનગીરી જપ્ત થવાના કિસ્સામાં નારાજ થયેલી વ્યક્તિ, આવા હુકમ મળ્યાની તારીખથી, ત્રીસ દિવસની અંદર અપીલ દાખલ કરી શકશે.

(૧) લાઈસન્સ સત્તાધિકારી આવો હુકમ કરે ત્યારે, અમદાવાદ મહાનગર (મેટ્રોપોલિટન સિટી) સિવાય અને કલેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જા સિવાયના, કલેક્ટર-ને અપીલ કરી શકશે.

(૨) આવો હુકમ કરતા લાઈસન્સ સત્તાધિકારી, નાયબ ખાદ્ય નિયંત્રક, અમદાવાદ મેટ્રોપોલિટન સિટીમાં અમદાવાદ શહેરના દરજ્જાનો હોય, તો નાયબ ખાદ્ય નિયંત્રક, અમદાવાદ શહેરના હુકમ સામે ખાદ્ય અને નાગરિક પુરવઠા નિયંત્રક સમક્ષ અપીલ દાખલ કરવામાં આવશે.

(૩) આવો હુકમ કરતા લાઈસન્સ સત્તાધિકારી સંયુક્ત નિયામક અથવા નાયબ નિયામક, નાગરિક પુરવઠા હોય, તો નિયામક, નાગરિક પુરવઠા, ગુજરાત રાજ્ય-ને અપીલ કરી શકશે.

(૪) આવો હુકમ કરતા લાઈસન્સ સત્તાધિકારી, કલેક્ટરના દરજ્જાનો હોય, ત્યારે રાજ્ય સરકારને અપીલ કરી શકશે:

(૨) નારાજ થયેલી વ્યક્તિને, પોતાનો કેસ રજૂ કરવાની વાજબી તક આપવામાં આવે તે સિવાય, અપીલમાં કોઈપણ હુકમ કરવો જોઈશે નહિ.

(૩) અપીલ અનિર્ણિત હોય તે દરમિયાન, અપીલ સત્તાધિકારી, કેસના ગુણદોષને આધારે કોઈ હુકમ પસાર કરી શકશે.

૧૩. ફેરતપાસ.

(૧) રાજ્ય સરકાર, લાઈસન્સ સત્તાધિકારી, કલેક્ટર, ખાદ્ય અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેર, અથવા યથાપ્રસંગ, નિયામક, સંયુક્ત નિયામક અથવા નાયબ નિયામક, નાગરિક પુરવઠા-ની કોઈ કાર્યવાહીમાં રેકર્ડ મંગાવી શકશે અને તેને તપાસી શકશે. અને જો તે આવી કાર્યવાહી દરમિયાન પસાર કરેલા કોઈ હુકમની કાયદેસરતા અથવા ઔચિત્યની અથવા આવી કાર્યવાહીની નિયમિતતા અંગે ખાતરી થાય તો-

રાજ્ય સરકાર, આવા હુકમો અથવા યથાપ્રસંગ કાર્યવાહીઓ સુધારી શકશે, રદ કરી શકશે અથવા ફેરફારો કરી શકશે.

પરંતુ પોતાનો કેસ રજૂ કરવા માટે વાજબી તક સિવાય, આ ખંડ હેઠળ કોઈપણ આખરી હુકમ કરવો જોઈશે નહિ.

(૨) પરંતુ આ ખંડ હેઠળ પુનઃતપાસ કાર્યવાહીઓ અનિર્ણિત હોય તે દરમિયાન, રાજ્ય સરકાર, કેસના ગુણદોષ મુજબ હુકમ કરી શકશે:

વધુમાં, આખરી હુકમ ન થાય ત્યાં સુધી જામીનગીરી અનામત માટે જમીનો હુકમ અમલમાં આવશે નહિ.

૧૪. વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારકની ફરજો અને જવાબદારીઓ:

વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારકની ફરજો અને જવાબદારીઓ નીચે મુજબ રહેશે:

(૧) વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારકે, રેશનકાર્ડ ધારકને ઉપલબ્ધ આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલી છૂટક કિંમતે કરવું જોઈશે.

(૨) વાજબી ભાવની દુકાનના દરેક લાઈસન્સ ધારકે, પોતાની દુકાનની મહત્વની જગ્યા ખાતે નોટિસ બોર્ડ ઉપર દરરોજ નીચે મુજબની માહિતી દર્શાવવી જોઈશે.

(ક) રાજ્ય અથવા કેન્દ્ર સરકાર વખતોવખત ઠરાવે તેવી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ પાત્ર લાભાર્થીઓની યાદી;

(ખ) મેળવવાની આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો;

(ગ) વિતરણનો જથ્થો (કેટલા પ્રમાણમાં વિતરણ કરાશે તે);

(ઘ) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે નક્કી કરેલી વેચાણ કિંમત;

(ચ) વાજબી ભાવની દુકાનો ખોલવાના અને બંધ કરવાના કલાકો;

(છ) દુકાનના કામકાજના કલાકો અને જે તે માસ દરમિયાન મેળવેલી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની વિગતો;

(જ) આવશ્યક ચીજવસ્તુઓના ઊઘડતા અને બંધ થતા સ્ટોક (જથ્થા)ની દૈનિક વિગતો;

(ઝ) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓની ગુણવત્તા અને જથ્થા સંબંધી ફરિયાદો દાખલ કરવાને લગતી વિગતો જેવી કે તકરાર નિવારણ સંબંધી સત્તાધિકારીઓનો હોદ્દો અને સરનામું; અને

(ટ) રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી વિગતો.

(૩) વાજબી ભાવની દુકાનના દરેક લાઈસન્સ ધારકે, નીચે મુજબના રજિસ્ટર જાળવવા જોઈશે.

(ક) રેશન કાર્ડ ધારકોના રેકર્ડની જાળવણી.

(ખ) જે તે દિવસે વાસ્તવિક જથ્થાની ઊઘડતી સિલક, દિવસ દરમિયાન મેળવેલો જથ્થો અને તે જથ્થો જે સ્ત્રોતમાંથી મેળવવામાં આવ્યો હોય તે દર્શાવતું સ્ટોક રજિસ્ટર. સ્ટોકનું વિતરણ અથવા સ્ટોક અન્યથા દૂર કરવામાં આવ્યો હોય અને આવશ્યક ચીજવસ્તુઓની બંધ થતી સિલક વગેરે સંબંધી સાચી માહિતી દર્શાવતું સ્ટોક રજિસ્ટર (માલ પત્રક).

(ગ) સરકારે વખતોવખત ઠરાવેલી ફાળવણી અથવા વેચાણ પત્રક અને રેકર્ડ, અને તે, સરકાર દ્વારા વખતોવખત ઠરાવેલા નમૂનામાં જ કરવાના રહેશે.

(૪) વાજબી ભાવની દુકાનના દરેક લાઈસન્સ ધારકે, રાજ્ય સરકારના અધિકૃત અધિકારી સમક્ષ આવશ્યક ચીજવસ્તુઓના વાસ્તવિક વિતરણની વિગતો અને વિદ્યમાન સ્ટોકના હિસાબ રજૂ કરવા જોઈશે અને આગામી મહિનાની ૫ મી તારીખ સુધીમાં, પંચાયત અથવા નગરપાલિકાને, તેની નકલ રજૂ કરવી જોઈશે.

(૫) વાજબી ભાવની દુકાનો દ્વારા વિતરણ કરાયેલા અનાજની ગુણવત્તાનો નમૂનો દર્શાવવો જોઈશે.

(૬) વાજબી ભાવની દુકાનનો લાઈસન્સ ધારક, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓની ગુણવત્તા ધરાવતો હોય, ત્યારે રેશન કાર્ડ ધારકો હકદાર હોય તેવા પુરવઠાનો ઈનકાર કરવો જોઈશે નહિ.

(૭) વાજબી ભાવની દુકાનનો લાઈસન્સ ધારકે, આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ પછી, રેશનકાર્ડ, કોઈ લાભાર્થીની બાયોમેટ્રિક માહિતી સહિત કોઇ વ્યક્તિગત માહિતી રાખવી જોઇશે નહિ.

(૮) વાજબી ભાવની દુકાનના લાઈસન્સ ધારકે, વિનંતી મળ્યાની તારીખથી ચૌદ દિવસની અંદર પ્રતિ પાનું રૂ. ૨ (રૂપિયા બે)ની ફી ચૂકવીને, લાભાર્થીને તેમના દ્વારા જાળવવામાં આવેલા સંબંધિત રેકર્ડની તારીજ રજૂ કરવાની રહેશે.

(૯) વાજબી ભાવની દુકાનનો લાઈસન્સ ધારક જે-

(ક) ઠરાવેલી મુદત માટે નિયમિત ધોરણે પોતાની દુકાન ખુલ્લી ન રાખતો;

(ખ) સરકાર દ્વારા નિયત કરેલા દર કરતા ઊંચા દરે લાભાર્થીઓ પાસેથી વસૂલ કરતો હોય;

(ગ) લાભાર્થીઓના રેશન કાર્ડ રાખતો હોય;

(ઘ) લાભાર્થીઓના રેશન કાર્ડમાં ખોટી નોંધો કરતો હોય;

(ચ) લાભાર્થીઓના રેશન કાર્ડમાં ખોટી નોંધો કરતો હોય;

(ચ) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ઠરાવેલી કિંમતે લાભાર્થીઓને આવશ્યક ચીજવસ્તુઓની વિતરણ (કરવા) સિવાયની પ્રવૃત્તિઓમાં રોકાયેલો હોય, ખુલ્લા બજારમાં અનાજ વેચતો હોય, વાજબી ભાવની દુકાનો અન્ય કોઈ વ્યક્તિને અથવા સંગઠનને સોંપી હોય અને કાઢી આપવામાં આવેલા લાઈસન્સની બોલીઓ અને શરતોનું ઉલ્લંઘન કરતો હોય:

તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી તેનું લાઈસન્સ રદ કરી શકાશે અથવા મોકૂફ કરી શકાશે:

પરંતુ વાજબી ભાવની દુકાનની કામગીરીની કાર્યક્ષમતાનો સમાવેશ કરવા માટે, રાજ્ય સરકાર, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ સિવાયની ચીજવસ્તુઓ વેચવા પરવાનગી આપી શકશે.

૧૫. આ હુકમ હેઠળ શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

આ હુકમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કૃત્ય બદલ કોઈ વ્યક્તિની સામે કોઈપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

૧૬. રાજ્ય સરકારની આદેશો આપવાની સત્તા.

રાજ્ય સરકાર, આ હુકમની તમામ અથવા કોઈ જોગવાઈઓની અમલબજવણી માટે પોતાને જરૂરી જણાય તેવા આદેશો આપી શકશે.

૧૭. રદ કરવા બાબત અને અપવાદ.

ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઈસન્સ આપવા બાબત) હુકમ, ૨૦૦૪ આથી રદ કરવામાં આવે છે:

પરંતુ આવી રીતે રદ થવાથી,

(ક) સદરહુ હુકમ હેઠળ અગાઉ થયેલા કોઈ અમલને અથવા સદરહુ હુકમ હેઠળ યોગ્ય રીતે કરેલા કૃત્યોને અસર થશે નહિ;

(ખ) સદરહુ કોઈ હુકમ હેઠળના સંપાદિત કરેલા, મેળવેલા અથવા પ્રાપ્ત કરેલા કોઈ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને અસર થશે નહિ;

(ગ) સદરહુ કોઈ હુકમની વિરુદ્ધ કરેલા કોઇ ગુનાના સંબંધમાં લાદવામાં આવેલો કોઈ દંડ, જપ્તી અથવા શિક્ષાને અસર થશે નહિ; અથવા

(ઘ) ઉપર્યુક્ત પ્રમાણેની કોઈ તપાસણી, કાનૂની કાર્યવાહીઓ અથવા કોઈ હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, દંડ, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાં ઉપાય અને આવી તપાસણી, કાનૂની કાર્યવાહીઓ અથવા ઉપાય શરૂ કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે અને આવા દંડ, વ્યાજ, જપ્તી અથવા શિક્ષા લાદી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એ. ગામીત,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ગૃહ વિભાગનું તારીખઃ ૧૫-મી સપ્ટેમ્બર, ૨૦૨૫-નું જાહેરનામું ક્રમાંક: જીજી/૧૨૨/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૧/૧૧૫-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૨૨/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૧/૧૧૫:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, સદરહું સ્થળને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહું સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિઃ-

૧. ગુજરાત રાજ્યના પોલીસદળના સભ્યો;

૨. સંઘના લશ્કરી, નૌકા અથવા હવાઈદળના સભ્યો;

૩. ઉપર્યુક્ત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યક્તિઓ; અને

૪. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩-ની કલમ ૧૪-માં ઉલ્લેખેલા મેજિસ્ટ્રેટસ.

ઉપર્યુક્ત કક્ષાની વ્યક્તિઓને માત્ર તેમની સત્તાવાર ફરજો બજાવવા માટે જ મુક્તિ આપવામાં આવશે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળોના નામ અને સ્થળની હદોનું વર્ણન.

અનુક્રમાંક	ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
૧.	ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ. ડીકેપીએલ	ગામ: નરણાવી તાલુકો: વાગરા	સરવે નંબરઃ ૭૬ કુલ વિસ્તાર: ૫૨૮૧૪ ચો.મી. પ્રતિબંધિત વિસ્તાર:	પૂર્વે: સરવે નંબર: ૭૬-ની જમીન અને જાહેર રસ્તો પશ્ચિમે: સરવે નંબર: ૭૬-ની જમીન અને જાહેર રસ્તો

અનુક્રમાંક	ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
	એસવી - ૧ સ્ટેશન નરણાવી	જિલ્લો: ભરૂચ	૨૪૯૬.૫ ચો.મી.	ઉત્તરે: સરવે નંબર: ૩૮-ની જમીન દક્ષિણે: સરવે નંબર: ૭૬-ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રધ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ગૃહ વિભાગનું તારીખ: ૨-જી સપ્ટેમ્બર, ૨૦૨૫ -નું જાહેરનામું ક્રમાંક: જીજી/૧૨૮/પીએસટી/૧૦૨૦૧૦/૨૮૦/ભાગ-૧/સી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Bhartiya Nagrik Suraksha Sanhita, 2023

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ હેઠળનું

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૧૨૮/પીએસટી/૧૦૨૦૧૦/૨૮૦/ભાગ-૧/સી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગનું તારીખ: ૭-મી ફેબ્રુઆરી, ૨૦૧૪-નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૨૫/પીએસટી/૧૦૨૦૧૦/૨૮૦/વી-ને ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, સુરેન્દ્રનગર જિલ્લાના કોલમ (૩) માં નિર્દિષ્ટ તાલુકામાં પોલીસ સ્ટેશન (મથક) તરીકે, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા પોસ્ટ અને સ્થળો જાહેર કરે છે અને આદેશ કરે છે કે આવા દરેક પોલીસ સ્ટેશનનો, સદરહુ અનુસૂચિના કોલમ (૫) અથવા (૬) અને (૭) માં સદરહુ દરેક પોલીસ સ્ટેશનની સામે અનુક્રમે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવી પોલીસ ચોકી/બીટ (બીટ્સ) અથવા આઉટ પોસ્ટ (પોસ્ટ્સ) અને સ્થાનિક વિસ્તારો અથવા ગામોમાં નીચે મુજબ સમાવેશ થશે:-

અનુસૂચિ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ધ્રાંગધ્રા ડિવિઝન	ધ્રાંગધ્રા	ધ્રાંગધ્રા સિટી પોલીસ સ્ટેશન	એ-બીટ	---	જૂની ખરાવાડ
						આર્મી કેમ્પ
						સોની તલાવડી

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						હાઉસિંગ
						રેલ્વે સ્ટેશન વિસ્તાર
						ક્લબ રોડ
						મયુર બાગ
						ફંગત ગલી
						ડી.સી.ડબલ્યુ કંપની
				બી-બીટ	---	હળવદ રોડ
						મયુરનગર
						માજી સૈનિક સોસાયટી
						કુંભાર પરા
						તળાવ ગલી
						જોગાસર રોડ
						ફુલગલી
						મફતીયા પરા
						ઘાટ દરવાજા
						ગ્રીન ચોક
						વ્યાસનો ચોરો
						દેપાલાનો ચોરો
						દિલ્હી દરવાજા
						હળવદ દરવાજો
						ઘાટ દરવાજા
						સબ જેલ
						પુનિતનગર
				સી-બીટ		બસ સ્ટેન્ડ
						નરસિંહપરા
						ભાર્ગવી સોસાયટી
						ફ્રેન્ડ્સ સોસાયટી
						ચરમાળીયા સોસાયટી
						સરકારી હોસ્પિટલ
						ઝાલા રોડ
						આર્ય સમાજ રોડ
						પોસ્ટ ઓફિસ
						કબીર સ્ટ્રીટ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						મીરા દાતાર
						કસ્બા શેરી
						સીતા દરવાજા
						કસ્બા બારી
				ડી-બીટ		ડો.આંબેડકરનગર
						સર્વોદય સોસાયટી
						કોળી પરુ
						જૂની મોચીવાડ
						ખાટકીવાસ
૨	ધ્રાંગધ્રા ડિવિઝન	ધ્રાંગધ્રા	ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન	એ-બીટ	---	ગાલા
						જસાપર
						જેગડવા
						માલવણ
						રાજગઢ
						વાવડી
						વ્રજપર
						હરીપર
						હીરાપુર
						એશદ્રા
						કૃષ્ણનગર
				બી-બીટ	---	રામદેવપુર
						વસાડવા
						ભરાડા
						થાલા
						સુલતાનપુર
						દુદાપુર
						ધ્રુમઠ
						માનપુર
						મેથાણ
						સરવાળ
					રાજસીતાપુર	ખાભંડા
						ગુજરવદી
						ગંજેળા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ડુમાણા
						દેવચરાળી
						ધોળી
						નવલગઢ
						પ્રથૃગઢ
						પ્રતાપપુર
						ભારદ
						રામગઢ
						રાજચરાડી
						રાજસીતાપુર
						સોખડા
						હામપર
					કોંઢ	કોંઢ
						બાવળી
						ગાજણવાવ
						નારીચાણા
						રાવળીયાવદર
						મોટા અંકેવાળીયા
						રામપરા
						રાયગઢ
						કલ્યાણપુર
						રતનપુર
						જીવા
						ચુલી
						ભેચડા
						કૃષ્ણનગર
					નિમકનગર	કુડા
						કોપરણી
						કંકાવટી
						ગોપાલગઢ
						જસમતપુર
						જેસડા
						જુના ઘનશ્યામગઢ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						નરાળી
						નિમકનગર
						પીપળા
						બાઈસાબગઢ
						રાજપર
						વાઘગઢ
						વિરેન્દ્રગઢ
						સતાપર
						સજ્જનપુર
						સોલડી
						અંજાર
૩	પાટડી ડિવિઝન	પાટડી	પાટડી પોલીસ સ્ટેશન	ટાઉન બીટ	---	પાટડી
						જૂના સડલા
						નવા સડલા
						જોરાવરપુરા
						સૂરજપુરા
				એ-બીટ	---	ખારાઘોડા
						નારણપુરા
						હિમ્મતપુરા
						ગોરીયાવાડ
						સાવડા
						પોરડા
						નવા સાવલાસ
						ઓડુ
					વઘાડા	જેરવાલા
						બામણવા
						કોચાડા
						હરીપુરા
						નવરંગપુરા
						ઉપરીયાળા
						ઘાસપુર
						માલણપુર
						વઘાડા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						મોટા ઉભાડા
						આમનગર
						હાથીપુરા
૪	પાટડી ડિવિઝન	દસાડા-પાટડી	બજાણા પોલીસ સ્ટેશન	એ-બીટ		માલવણ
						અખીયાણા
						પીપળી
						દેગામ
						સેડલા
						ખેરવા
						ગેડીયા
						નાગડકા
						ઝેઝરી
						નાના ગોરૈયા
						બજાણા
						કચોલીયા
				બી-બીટ		હેબતપુર
						છબાલી
						લીંબડ
						રાજપુર
						ભડેણા
						જીવણગઢ
						મોટી મજેઠી
						નાની મજેઠી
						કમાલપુર
						કમલપુર
						સિધસર
						રામગરી
૫	પાટડી ડિવિઝન	પાટડી	દસાડા પોલીસ સ્ટેશન	ટાઉન બીટ		દસાડા
						ગવાણા
						બુબવાણા
						મેતાસર
						જગદીસણ
						પાનવા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						અંબાલા
						ઝેઝરા
				એ-બીટ		વડગામ
						રસુલાબાદ
						કઠાડા
						જેનાબાદ
						ચિકાસર
						અહમદગઢ
						રૂસ્તમગઢ
					વણોદ	વણોદ
						આલમપુર
						વાલેવાડા
						નાવીયાણી
						મેરા
						માનાવાડા
						ગોસાણા
						છત્રોટ
						એછવાડા
						એરવાડા
						સુસીયા
૬	પાટડી ડિવિઝન	દસાડા-પાટડી	ઝીંઝુવાડા પોલીસ સ્ટેશન	એ-બીટ		સુરેલ
						ધામા
						ભલગામ
						ફતેપુર
						વિસનગર
						વચ્છરાજપુરા
						રોઝવા
				બી-બીટ		ઝીંઝુવાડા
						નગવાડા
						વિસાવડી
						મુલાડા
						મીઠા ગોઢા
						રામવડનેશ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
					આદરીયાણા	આદરીયાણા
						પાડીવાડા
						સાલી
						ઝાડીયાણા
						નવાપુરા
૭	લીંબડી ડિવિઝન	લીંબડી	લીંબડી પોલીસ સ્ટેશન	એ-બીટ		લીંબડી ટાઉન
				બી-બીટ		લીંબડી ટાઉન
				સી-બીટ		લીંબડી ટાઉન
				ગામ બીટ		બોરણા
						ઉઘલ
						બોડીયા
						રાસકા
						લીયાદ
						સૌકા
						અંકેવાળીયા
						સમલા
						ઉમેદપર
						દોલતપર
						શિયાણી
						ઘાઘરેટીયા
						નટવરગઢ
						નાના ટીંબલા
						મોટા ટીંબલા
						ઘાઘોસર
						ભલગામડા
						ચોરાણીયા
						જાખણ
						ચોકી
						ઉટંડી
						બોરણા
						જામડી
						પાંદરી

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
૮	લીંબડી ડિવિઝન	લીંબડી	પાણસીણા પોલીસ સ્ટેશન	એ-બીટ		પાણસીણા
						પરનાળા
						જાંબુ
						ગેડી
						રળોલ
						ટોકરાળા
						ભાથન
						લક્ષ્મીસર
						રામરાજપર
						કટારીયા
						જસમતપર
						ભોજપરા
				બી-બીટ		બળોલ
						આણંદપર
						દેવપરા
						જનસાળી
						કરસનગઢ
						કાનપરા
						ખંભલાવ
						ભોયકા
						કમાલપર
					રાણાગઢ	રાણાગઢ
						નાની કઠેચી
						મોટી કઠેચી
						પરાલી
						ગડથલ
						ભગવાનપર
						રોજાસર
						મુળબાવળા
						ધલવાણ
						જાળીયાળા
						ફુલવાડી
						ધીરજગઢ
						દિગ્વિજયગઢ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
૯	લીંબડી ડિવિઝન	ચૂડા	ચૂડા પોલીસ સ્ટેશન	એ-બીટ		કોરડા
						ચોકડી
						સમઢીયાળા
						કુડલા
						ભાણેજડા
						ચાચકા
						વેળાવદર
						વાણીયાવદર
						મીણાપુર
						ભેંસજાળ
						છત્રીયાળા
						રામદેવગઢ
						ઝીંઝાવદર
				બી-બીટ		ચૂડા
						મોજીદડ
						ભૃગુપુર
						લાલીયાદ
						નવી મોરવાડ
						જૂની મોરવાડ
						જેપર
						સેજકપર
						કારોલ
						ગોખરવાડા
						આચરડા
						દરોદ
						ચમારડી
						વનાળા
					ઝોબાળા	કંથારીયા
						ચચાણા
						વેજલકા
						ખાંડીયા
						ઝોબાળા
						બલાળા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						છલાળા
						સોનઠા
						કરમડ
૧૦	લીંબડી ડિવિઝન	સાયલા	સાયલા પોલીસ સ્ટેશન	ટાઉન બીટ		સાયલા
				એ-બીટ		કાસીપરા
						નવા સુદામડા
						વખતપર
						ગોસળ
						મદારગઢ
						ડોળીયા
						ભાડુકા
						કેસરપર
						સામતપર
						આયા
						કાનપર
				બી-બીટ		હડાળા
						ઢાંકણીયા
						ધેધુકી
						સાપર
						રતનપર
						વણકી (બ્રહ્મપુરી)
						ધારાડુંગરી
						સીતાગઢ
						ઈશ્વરીયા
						ચોરવીરા થાન
						ચિત્રલાંક
						કંસારા
						સોરીભડા
					સુદામડા	થોરીયાળી
						મોટા કેરાળા
						વડીયા
						નથુપુરા
						સુદામડા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ઓવનગઢ
						છડીયાળી
						વાંટાવચ્છ
						સેજકપર
						નવા જસાપર
						જૂના જસાપર
૧૧	લીંબડી ડિવિઝન	સાયલા	ધજાળા પોલીસ સ્ટેશન	એ-બીટ		સોનપરી
						મંગલકુઇ
						મોટી મોરસલ
						ટીટોડા
						રાતડકી
						ધાંધલપુર
						સોખડા
						મોટા સખપર
						નાના સખપર
						ધમરાસળા
						ધજાળા
						કરાડી
						ગુંદીયાવાડા
				બી-બીટ		પીપળીયા
						કોટડા
						નીનામા
						નાના હરણીયા
						શેખડોદ
						ગરાંભડી
						ઢીકવાળી
						કસવાળી
						ગંગાજળ
						નવાગામ(બા)
						અડાળા
					નોલી	નોલી
						ચોરવીરા(ડી)
						મોટા ભડલા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						લોયા
						નાગડકા
						સાંગોઈ
						શીરવાણીયા
						ગઢ શીરવાણીયા
						લાખાવડ
						દેવગઢ
						નંડાળા
						લીંબાળા
						ખીંટલા
૧૨	ચોટીલા ડિવિઝન	ચોટીલા	ચોટીલા પોલીસ સ્ટેશન	ટાઉન બીટ		ચોટીલા ટાઉન
				વિલેજ બીટ		જાની વડલા
						નાની મોલડી
						ચણપા
						સણોસરા
						પીયાવા
						પાંચવડા
						રેશમીયા
						કાળાસર
						ખેરડી
						ખેરાણા
						કુંઢડા
						તરબોડા
						નારીયેરી
						લાખણકા
						ભીમગઢ
						મોકાસર
						ભીમોરા
						લાખાચોકીયા
				વિલેઝ બી બીટ		પીપરાળી
						સુખસર
						મોટા હરણીયા
						સુરઈ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						નાવા
						સાંગાણી
						જસાપર
						નાના પાળીયાદ
						નાની મોરસલ
						અકાળા
						હબીયાસર
						નાના કાંધાસર
						મોટા કાંધાસર
						મઘરીખડા
						દેવસર
						રામપરા (ઝારિયા)
						રુપાવટી
						પાજવાળી
						રાજાવાડ
						કુંભારા
						નવાગામ(ચો)
						મેવાસા (સુખસર)
						ગઢેચી
						દુધેલી
						હીરાસર
						નાનીયાણી
						ઝુંપડા
						વાવડી
						ચિરોડા (ભાદર)
૧૩	ચોટીલા ડિવિઝન	ચોટીલા	આણંદપુર પોલીસ સ્ટેશન			ડોસલીધુના
						લોમાકોટડી
						પીપળીયા(ઢા)
						મેવાસા (શ)
						શેખલીયા
						ઝીંઝુડા
						ચિરોડા (થા)
						રાજપરા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						રામપરા (રાજ)
						ખાટડી
						ડાકવડલા
						સાલખડા
						ફુલઝર
						મોટી મોલડી
						આણંદપુર
						ચોબારી
						ઢોકળવા
						ધારૈઈ
						ગોલીડા
						વડાલી
						પીપળીયા (ઢો)
						ભેટસુડા
						રામપરા(ચો)
						નવાગામ (આ)
						તાજપર
						પરબડી
						સખપર
						દેવપરા
						મોણપર
						આંકડીયા
						કંથારીયા
						જીવાપર(આ)
						ગોવિંદપરા
						દોલતપરા
						ધરમપુરા
						કાબરણ
						ભોજપરા
						ભોજપુરી
						ગુંદા
૧૪	ચોટીલા ડિવિઝન	થાનગઢ	થાનગઢ પોલીસ સ્ટેશન	ટાઉન એ- બીટ		મહિદડ
				ટાઉન બી- બીટ		થાનગઢ ટાઉન

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
				વિલેજ એ બીટ		થાનગઢ ટાઉન
						હીરાણા
						આનંદપુર
						લાખામાચી
						દેવળીયા
						રૂપાવટી
						રામપરા
						સરોડી
						દેવપરા
						મોરથળા
				વિલેજ બી બીટ		જામવાડી
						ગુગળીયાણા
						ખાખરાળી
						અમરાપર
						અભેપર
						કાનપર
						સોનગઢ
						રાવરાણી
						સારસાણા
					તરણેતર	તરણેતર
						ખાખરાથળ
						નલખંભા
						વેલાળા
						ચાંદ્રેલીયા
						વિજળીયા
						વરમાધાર
						ઉડવી
						મનડાસર
						નવાગામ
૧૫	સુરેન્દ્રનગર ડિવિઝન	મુળી	મુળી પોલીસ સ્ટેશન	એ-બીટ		મુળી
						રામપરાડા
						ઉમરડા
						વગડીયા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ધર્મેન્દ્રગઢ
						ખાખરાળા
						માનપર
						ધોળીયા
						આસુંદ્રાળી
						દેવપરા
				બી-બીટ		સોમાસર
						સિધસર
						જસાપર
						લીમલી
						ગૌતમગઢ
						શેખપર
						ગોદાવરી
						નવાણીયા
						ચાણપર
						નળીયા
						હેમતપર
						કુકડા
				સી-બીટ		ટીકર
						દિગસર
						દાણાવાડા
						પાંડવરા
						દુધઇ
						સડલા
						પલાસા
						ખાટડી
						સુજાનગઢ
						ગઢાદ
						ખંપાલીયા
						ટીડાણા
						ગઢડા
					સરા	આંબરડી
						વડધ્રા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						રાયસંગપર
						મહાદેવગઢ
						નાડધ્રી
						ભેટ
						જેપર
						સાંગધ્રા
						કરસનગઢ
						રામપર
						સરા
						કુંતલપુર
						દાઢોળીયા
						લીયા
						રાણીપાટ
						કલમાદ
						વેલાડા
						ભવાનીગઢ
						વીરપર
૧૬	સુરેન્દ્રનગર ડિવિઝન	વઢવાણ	સુરેન્દ્રનગર સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન	એ-બીટ		મિયાણા વોર્ડ
						ધોબી સોસાયટી
						કૃષ્ણનગર
						દાલમીલ રોડ વિસ્તાર
						વડનગર
						ગંગાનગર
						ગોકુલ નગર
						ફિરદોસ સોસાયટી
						વેલનાથ સોસાયટી
						હરિપ્રકાશ સોસાયટી
						મેલડી પરા
						સોનલ સોસાયટી
						ભીમરાવ સોસાયટી
						ચાર માડિયાવાસ નિગમ
						રામ સોસાયટી
						રાજ રાજેશ્વરી સોસાયટી

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						સરદાર સોસાયટી
						ખોડિયાર પરા
				બી-બીટ		પોપટપરા
						મહેતા માર્કેટ
						ઘાંચીવાડ
						ખાટકી વોર્ડ
						ટાંકીચોક
						સોનાપુર રોડ
						મિલની ચાલી
						જયરામપુરા
						હેન્ડલૂમ ચોક
						જવાહર ચોક
						વિઠ્ઠલપ્રેસ રોડ
						માંઇ મંદિર
						એનટીએમ હાઇસ્કૂલ
						મેળાનું મેદાન
						પત્રાવાળી ચોક
						વાદીપરા વિસ્તાર
						સી.જે.હોસ્પિટલ
						મલ્હાર ચોક
						પરમારનો બંગલો
						સરદાર પટેલ સોસાયટી
						બાલા હનુમાનની પાછળનો વિસ્તાર
						વાડીલાલ ચોક
						પાણીની ટાંકી પાસેનો વિસ્તાર
						લાતી પ્લોટ
						લો-કોલોની
				સી-બીટ		નવો જંકશન વિસ્તાર
						વિવેકાનંદ સોસાયટી
						રામનગર
						લક્ષ્મીપરા વિસ્તાર

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						હર્ષદ પાર્ક સોસાયટી
						બંશીધર પાર્ક
						આનંદ નગર
						મિત્રમંડળ સમાજ
						જેપી શેરી વિસ્તાર
						શક્તિપરા
						કરમનપુરા
						દુધરેજ ગામ વિસ્તાર
૧૭	સુરેન્દ્રનગર ડિવિઝન	વઢવાણ	સુરેન્દ્રનગર સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન	એ-બીટ		રાજપર
						મુલચંદ
						બસ સ્ટેન્ડ
						ખાટકી વાડ
						રિવર ફ્રન્ટ
						કુંભાર પરા,
						આંબેડકર નગર-૧,
						આર્ટસ કોલેજ
						મેઘાણી બાગ રોડ
						જીનતાન રોડ
						જૂની/નવી હાઉસિંગ
						અલંકાર રોડ
						માનવ મંદિર રોડ
						રણજીત નગર
						વિમલનાથ
						દેશળ ભગતની વાવ
				બી-બીટ		વઢવાણ જી.આઈ.ડી.સી.સી
						માર્કેટ યાર્ડ
						ડી'માર્ટ
						ભક્તિનંદન સર્કલ
						સંત સવૈયાનાથ સર્કલ
						મારૂતિ પાર્ક
						અયોધ્યાનગર
						ઉપાસના સર્કલ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						મફતિયા પરુ
						૬૦ ફૂટ રોડ
						ગાંધી હોસ્પિટલ
						ઠાકર નગર
						મચ્છો નગર
						સંત સવૈયાનાથ ટાઉનશીપ
						બજરંગ
						રાજપર રોડ
૧૮	સુરેન્દ્રનગર ડિવિઝન	વઢવાણ	જોરાવરનગર પોલીસ સ્ટેશન		ખોડુ	ચમારજ
						અધેલી
						પ્રાણગઢ
						નગરા
						ખોડુ
						વેળાવદર
						રૂપાવટી
						લટુડા
						કટુડા
						ભદ્રેશી
						અણીન્દ્રા
						કરણગઢ
						બાકરથળી
					રામપરા	રામપરા
						ખોલડીયાદ
						મુંજપર
						ગુંદીયાળા
						કારીયાણી
						વડોદ
						ટુવા
						ફુલગ્રામ
						નાના મઢાદ
						મોટા મઢાદ
						વસ્તડી
				રતનપર એ-બીટ		મીલની ચાલી

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ગુંદાવાડી
						બુરહાની સોસાયટી
						કંકુમા વાડી વિસ્તાર
						આંબેડકરનગર
						રતનપર
						શેરી નં ૮ થી ૨૪
						ભોગાવો નદી કાંઠો
						હસ્તાપીર દરગાહ વિસ્તાર
						ફકીર સોસાયટી
						મફતીયાપરા
						રહેમતનગર
						શાંતિનગર
						ખમીશાણા
				રતનપર બી-બીટ		સુદહરા પ્લોટ
						સોમનાથ ચોક
						રતનપર
						શેરી નં ૧ થી ૭
						નારાયણપરા
						ખાણ વિસ્તાર
						શક્તિનગર ધોળા વિસ્તાર
						રતનપર બાયપાસ રોડ
						વાલ્મીકી વાસ
						માળોદ
						ખેરાલી
				જોરાવરનગર બીટ		ખારાકૂવા
						લાતીબજાર
						સોનાપુરી
						આંબેડકરનગર -૩
						વાકળુનાળું
						લાલ બહાદુર સોસાયટી
						મચ્છોનગર
						સુભાષ રોડ
						હનુમાન ચોક
						મહાત્મા ગાંધી રોડ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
૧૯	સુરેન્દ્રનગર ડિવિઝન	વઢવાણ	વઢવાણ પોલીસ સ્ટેશન	એ-બીટ		ગણપતિ ફાટસર
						ખાંડીપોળ
						શ્રીજી નગર સોસાયટી
						ખોડલ ધામ સોસાયટી
						લાખુપોળ
						દાજીપરા
				બી-બીટ		ધોળીપોળ
						નવા દરવાજા
						શિયાણીની પોળ
						સતવારા પરા
				વિલેજ બીટ		ખારવા
						ગોમટા
						બલદાણા
						વાઘેલા
						ટીંબા
						કોઠારીયા
						બાળા
						દેદાદરા
						વાડલા
						મેમકા
						સાકળી
						ખજેલી
						ઝાપોદડ
						ભડીયાદ
						કેરાળા
						રાઇ
૨૦	સુરેન્દ્રનગર ડિવિઝન	લખતર	લખતર પોલીસ સ્ટેશન	ટાઉન બીટ		લખતર
						ભૈરવપરા
						મફતિયાપરા
						વણકરવાસ
						ખારીયાશેરી
						કાઝીશેરી
						ઈન્દિરાવાસ

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
				એ-બીટ		વણા
						ઝમર
						સદાદ
						લરખડીયા
						મોઢવાણા
						નાના અંકેવાળીયા
						પેઢડા
						સાવલણા
						બજરંગપુરા
						ઘણાદ
				બી-બીટ		કડુ
						કળમ
						તનમનીયા
						તલવણી
						કેસરિયા
						લીલાપુર
						ઢાંકી
						કારેલા
						ઈંગરોડી
						ઓળક
						આદલસર
					તલસાણા	તલસાણા
						તાવી
						વડેખણ
						વરસાણી
						ભડવાણા
						ભાથરીયા
						દેવળીયા
						અણીયાળી
						ભાલાળા
					વિઠ્ઠલગઢ	વિઠ્ઠલગઢ
						કલ્યાણપરા
						બાબાજીપરા

અનુ-ક્રમાંક	ડિવિઝન/ સબ ડિવિઝન	તાલુકા	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી / બીટ	આઉટ પોસ્ટ	સ્થાનિક વિસ્તારો /ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						ભાસ્કરપરા
						જ્યોતિપરા
						વિઠ્ઠલાપરા
						છારદ
						ગાંગડ
						વડાલા
						માલીકા
						સાકર
						રેરવાળા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અનિતા ઝુલા,

સરકારના નાયબ સચિવ.

શ્રેયાન વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

તા. ૧/૧૨/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ - ૯)	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧	૩૩૭	(જીએચએન-૬૮)/જીએસટી-૨૦૨૫/એસ.૧૧(૧)(૮૪)/ જીએસટી સેલ	૧૧/૧૨/૨૦૨૫	વૈ. અને સં. બા. વિભાગ
૨	૩૩૮	કેવી/૨૦૨૫નો ૨૦૫/યુડીયુએચડી/એમઈએ/ઈ-ફાઈલ/૧૮/ ૨૦૨૫/૨૩૬૪/એમ	,,	,,
૩	૩૩૯	કેવી/૨૦૨૫નો ૨૧૮/યુડીયુએચડી/એનપીએલ/એમપીએમએલએ/ ૧૮/૨૦૨૩/૯૦૭૮/એમ	,,	,,
૪	૩૪૦	કેવી/૨૦૨૫નો ૩૩૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/ ૨૦૨૪/૧૫૩૬/એમ	૧૨/૧૨/૨૦૨૫	,,
૫	૩૪૧	જીવી/૨૦૨૫નો ૨૫૧/યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઈલ/૧૮/ ૨૦૨૩/૧૬૪૭/એમ સેક્શન	૧૩/૧૨/૨૦૨૫	,,
૬	૩૪૨	જીકેએચ/૧૪૧/૨૦૨૫/એસીડી/કેઓઓ/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/ ૪૭૮૪/કે/૮	,,	,,
૭	૩૪૩	(જીએચએન-૬૭)/જીએસટી-૨૦૨૫/એસ.૧૧(૧)(૮૩)/ જીએસટી સેલ	,,	,,
૮	૩૪૪	જીવી/૨૦૨૫નો ૨૧૫/યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/ ૨૦૨૫/૦૬૭૯/એમ સેક્શન	,,	,,

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ - ૯)	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૯	૩૪૫	ક્રમાંકઃ ૫૫૨/ભાપાંતર એકમ સન ૨૦૨૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક-૩	૧૬/૧૨/૨૦૨૫	વૈ. અને સં. બા. વિભાગ
૧૦	૩૪૬	કેપી/૨૦૨૫નો ૩૧/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/ ૨૦૨૪/૨૧૫૧/ સેક્શન-જી	૩૧/૧૨/૨૦૨૫	,,

બી. જી. ઠાકુર,

શ્રેયાન વ્યવસ્થાપક,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,

ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.29 19:00:12 IST